# THE COASTAL REGULATION ZONE (CRZ) NOTIFICATION 2011

A primer for coastal fishing communities (Draft)

in Gujarati



June 2011

# દરિયાકાંઠા નિયમન વિસ્તાર (સી. આર. ઝેડ) નોટીફીકેશન ૨૦૧૧

## દરિયાકાંઠાકીય મત્સ્યકારી સમાજ માટેની માર્ગદર્શિકા

પ્રાસ્તાવિક

તા. ૬ જાન્યુઆરી,૨૦૧૧ ના રોજ પર્યાવરણ અને જંગલ ખાતાના રાજયમંત્રી શ્રી. જયરામ રમેશે દરિયાકાંઠાનિયમન વિસ્તાર (સી. આર. ઝેડ) નોટીફીકેશન ૨૦૧૧ (ભારત સરકાર ૨૦૧૧)ની જાહેરાત કરી. આ નોટીફીકેશનથી ઘણાં વર્ષો જૂની સી. આર. ઝેડ નોટીફીકેશન ૧૯૯૧ના રીવિઝનની પરામર્શક પ્રક્રિયાઓ, જેનાથી મત્સ્યકારી સમાજો તથા પર્યાવરણીય જૂથો એ ઘણી ઊંચી અપેક્ષાઓ જગાડેલી, તેનો અંત આવે છે.

આ લઘુપુસ્તિકા નો હેતુ છે મત્સ્યકારી સમાજોમાં જાગૃતિ આવે તથા ૨૦૧૧ ના નોટીફીકેશનની બાબતે મત્સ્યકારી સમાજના સંગઠનોની સતત કાળજી તથા દરિયાકાંઠાની ઇકોસીસ્ટમની વધુ સારી જાળવણીની ખાતરી બાબતે તે લોકો જે ભૂમિકા ભજવી શકે તે બાબતોનો તેમને આધાર મળે.

આ લઘુપુસ્તિકાના ભાગ-૧ માં  નોટીફીકેશનનો સંદર્ભ, મત્સ્યકારી સમાજોના હિતના પક્ષમાં કે વિરુદ્ધમાં કામ કરતા પ્રાવધાનો તથા નિર્ણયપ્રક્રિયા, નિયંત્રણ તથા અમલમાં  મત્સ્યકારી સમાજો કઇ રીતે ભૂમિકા ભજવી શકે અને ભજવવી જોઇએ તેની માહિતી આપેલ છે.

આ લઘુપુસ્તિકાના ભાગ-૨ માં (હજુ અંતિમ સ્વરૂપની પ્રક્રિયામાં) ૨૦૧૧ના નોટીફીકેશનના મુખ્ય મુખ્ય પ્રાવધાનો તથા સમાવિષ્ટ બાબતોની માહિતી સરળ સ્વરૂપમાં આપેલછે.

ભાગ-૧

## ૧. દરિયાકાંઠા નિયમન વિસ્તાર નોટીફીકેશન ૨૦૧૧ શું છે?

ભારત સરકાર દ્વારા પર્યાવરણ (સુરક્ષા) એકટ,૧૯૮૬ હેઠળ જારી કરેલ. દરિયાકાંઠા નિયમન વિસ્તાર નોટીફીકેશન ૨૦૧૧ બતાવે છે કે દેશના દરિયાકાંઠાના પટ્ટા તથા જળવિસ્તાર ૧૨-માઇલ સુધીની જળપ્રદેશ સીમાવાળા, તથા ભરતીની અસરવાળા જળાશયોની ઘોષણા કરે છે. જે દરિયાકાંઠા નિયમન વિસ્તાર કહેવાશે તથા આ વિસ્તારમાં ઉદ્યોગો, પરિચાલન તથા પ્રક્રિયાઓ પર નિયંત્રણ લાદે છે.

સી આર ઝેડ નોટીફીકેશન ૨૦૧૧ સી આર ઝેડ નોટીફીકેશન ૧૯૯૧ ના સ્થાને આવે છે. નોંધનીય છે કે , ૨૦૧૧ નોટીફીકેશન તેના બધા ૨૫ સુધારાઓના કોડ રજૂ કરે છે જે ૧૯૯૧ના મોટાભાગના નોટીફીકેશનો ક્ષીણ કરવામાં ભાગ ભજવ્યો હતો. એ રીતે,સી આર ઝેડ ૨૦૧૧ ભારતના દરિયાકાંઠાની સુરક્ષા વધારવાની બાબતમાં એક ડગલું પાછળ છે.

નોટીફીકેશનના વિધિવત હેતુઓ નીચે મુજબ છે.

- દરિયાકાંઠે વસતા સ્થાનિક સમાજો તથા મત્સ્યકારી સમાજોની વન નિર્વાહની સલામતીની ખાતરી કરવી.
- દરિયાકાંઠાના પટ્ટીઓ,તેમનાં નિરાળા પર્યાવરણ તથા દરિયાઇ વિસ્તારોની સાચવણી તથા સુરક્ષા; તથા
- વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત પ્રોત્સાહન પદ્ધતિથી વિકાસ કાર્યો આગળ ધપાવવા જેમાં ગ્લોબલ વોર્મિંગની અસરથી દરિયાઇ સપાટીની, વધારા તથા, દરિથાકાંઠાની કુદરતી હોનારતોના ભયોને ધ્યાનમાં લેવાં

નોટીફીકેશન ૨૦૧૧ સી આર ઝેડ ને ચાર વિભાગમાં વગીકૃત કરે છેઃસી આર ઝેડ -૧ (પર્યાવરણીય સંવેદનશીલ વિસ્તારો) સી આર ઝેડ -૨ (બાંધકામ વિસ્તારો) , સી આર ઝેડ -૩ (પાયાના ગ્રામીણ વિસ્તારો) તથા સી આર ઝેડ -૪ (જળ વિસ્તારો જેમાં સમાવિષ્ટ છે પ્રાદેશિક જળ વિસ્તારો તથા ભરતીની અસર હેઠળના જળક્ષેત્રો ).

## ૨. સી આર ઝેડ નોટીફીકેશન ૨૦૧૧ તથા સી આર ઝેડ નોટીફીકેશન ૧૯૯૧ વચ્ચેના કેટલાક ચાવીરૂપ ભેદ કયા કયા છે?

- પ્રાદેશિક જળ વિસ્તારોનો સમાવેશ : સમગ્ર જળક્ષેત્ર - પ્રાદેશિક જળ તથા દરિયાકાંઠાના ક્ષેત્ર જેની મર્યાદા ૧૨ દરિયાઇ માઇલ હોય તથા ભરતીની અસરવાળા જળ તેમજ કાંઠાગત વિસ્તારો જેવાંકે ખાડી વિસ્તારો, નદીઓ તથા નદીમુખ વિસ્તારો ને નોટીફીકેશન ૨૦૧૧ હેઠળ આવરી લેવાયા છે
- ટાપુઓ માટે અલગ નોટીફીકેશન : નોટીફીકેશન ૨૦૧૧ હેઠળ આંદામાન અને નિકોબાર તથા લક્ષદ્વીપના ટાપુગત વિસ્તારો તેમ જઆ ટાપુઓની આજુબાજુની ક્ષેત્રીય સરહદોના દરિયાઇ વિસ્તારોનો સમાવેશ થતો નથી. આ વિસ્તારો ને સમાવવા એક અલગ ટાપુ સંરક્ષણ વિસ્તાર (આઇ પી ઝેડ ) નોટીફીકેશન જારી કરેલ છે.
- સંકટ રેખા : સંકટ રેખાનો વિચાર આ નોટીફીકેશન દ્વારા દાખલ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ભરતી,મોજાં દરિયાઇસ્તરની ઊંચાઇ તથા દરિયાકાંઠાની પટ્ટીનાં પરિવર્તનોને ધ્યાનમાં લઇને જીવનની જીવનનિર્વાહની તેમજ દરિયાકાંઠાની જંગમ સંપત્તિઓની સલામતીનો ઉદ્દેશ લક્ષમાં રાખેલ છે. સંકટરેખાનું અંકન સી ઝેડ એમ પી પર કરવાનું છે. આ નોટીફીકેશન દ્વારા સી આર ઝેડ માં સમાવિષ્ટ થશે એ જમીનનું ક્ષેત્ર જે સંકટરેખા તથા એચ ટી એમ થી ૫૦૦મી. ની મર્યાદામાં દરિયાઇ ક્ષેત્રની બાબતમાં તથા ભરતીની અસરવાળા જળક્ષેત્રોની બાબતમાં આ અંતર ૧૦૦મી. નું રહેશે. એનો અર્થ એ થયો કે કેટલાક વિસ્તારોમાં સી આર ઝેડનું ક્ષેત્રફળ કોસ્ટલઝોનથી ૫૦૦મી. નું અંતર પાર કરે ( ભરતીની અસરવાળા જળક્ષેત્રો માટે ૧૦૦મી. ને પાર કરે. )

- ખાસ  ધ્યાન માંગતા વિસ્તારો : સમગ્ર ભારતીય દરિયાઇ પટ્ટી માટે ૧૯૯૧ના નોટીફીકેશનમાં એક સમાજ પ્રશ્નોને ધ્યાનમાં લેતાં, ૨૦૧૧ ના નોટીફીકેશનમાં બૃહન્મુંબઇ કેરળ તથા ગોવાને ખાસ મુકિત આપવામાં આવેલ છે.
- સપદા સંભવિત દરિયાકાંઠાના વિસ્તારો (સી વી સી એ ) નામે એક વર્ગ બનાવેલ છે જે પશ્ચિમ બંગાળાના સુંદરવનોના ક્ષેત્રોને તેમજ અન્ય પર્યાવરણ સંવેદનશીલ ક્ષેત્રો - જેમની ઓળખ પર્યાવરણ (સુરક્ષા) એકટ (ઇ.પી.એ), ૧૯૮૬ દ્વારા કરાયેલ છે- ને લાગુ પડે છે.
- સેઝને પરવાનગી નહી : ૨૦૧૧નું આ નોટીફીકેશનથી આ સી આર ઝેડ વિસ્તારોમાં સેઝ (સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન ને સ્થાપવાની પરવાનગી આપતું નથી.
- કલીયરન્સ માટેની પ્રક્રિયા : ૧૯૯૧ના નોટીફીકેશનમાં સી આર ઝેડ મેળવવાની કોઇ સ્પષ્ટ પ્રક્રિયા પ્રસ્થાપિત કરાઇ નહોતી. કોઇ બાંધી સમયરેખાનો પણ ઉલ્લેખ ન હતો. તદ્‍ઉપરાંત, કલીયરન્સ માટેની અરજીનો કોઇ ચોક્કસ નમૂનો પણ આપેલ ન હતો. ૨૦૧૧નું નોટીફીકેશન ટાઇમલાઇન સાથે સુસ્પષ્ટ કલીયરન્સ પ્રોસીજરની આઉટલાઇન આપે છે.
- સંચાલન તથા નિયંત્રણદળ : નોટીફીકેશન ૨૦૧૧ દ્વારા નિયમભંગ પર  નિયંત્રણદળોની સંરચના મજબૂત બનાવવામાં આવી છે. ઉપરાંત, કિલયરન્સ પછીની સંચાલન સંરચનાઓની પણ સુસ્પષ્ટ રૂપરેખાઓ ઘડી કાઢવામાં આવેલ છે.
- પારદર્શિતા : નોટીફીકેશન ૨૦૧૧ દ્વારા પારદર્શિતા વધારવાના તથા જનસંપર્કને ઉમેરણ માટેના કેટલાક ઉપાયો સમાવી લેવામાં આવ્યા છે.
- ધોવાણ સંભવિત ક્ષેત્રોની ઓળખ : ઊંચાઇ પર આવેલ ધોવાણ સંભવિત ક્ષેત્રોના કાંઠાવિસ્તારના વિકાસમાં નિયમન કરવા હેતુ નોટીફીકેશન ૨૦૧૧માં  માનવસર્જિત વ્યવધાનોને કારણે કાંઠે કાંઠે અનુભવાતા ધોવાણોને ધ્યાનમાં રાખીને વિગતવાર વૈજ્ઞાનિક અભ્યાસની મદદથી દરિયાઇ પટ્ટીને  ‘અત્યંત ધોવાણક્ષમ’ ‘મધ્યમ ધોવાણક્ષમ’  તથા ‘નિમ્ન ધોવાણક્ષમ કે સ્થિરપટ્ટીઓ’ એમ વર્ગીકૃત કરેલ છે.
- ચોકકસ હેતુઓ માટેનો ડેવલપમેન્ટ ઝોન (એન ડી ઝેડ) માં રાહત : ખાસ કરીને મત્સ્યકારો, કાંઠાસમાજના પારંપરિક એકમો માટે, ઘરના અમુક ચોક્કસ પરિસ્થિતિમાં, બાંધકામ કરવાની પુનઃનિર્માણ કરવાની, એન ડી ઝેડની અંદર ૧૦૦ થી ૨૦૦ મી. ની મર્યાદામાં બાંધવાની છૂટના પ્રાવધાન કરેલાં છે.

## ૩. નોટીફીકેશન ૨૦૧૧ સાથે સંકળાયેલી એવી કઇ મુખ્ય સમસ્યાઓ છે જે પડકાર માગી લે છે?

- દરિયાના અગ્રતટની સગવડની જરૂરત ન હોય તેવી પ્રવૃતિઓને મુકિત : તટાગ્ર સાથે સીધા નહી સવલતોની જરૂરિયાત વગરના, મુંબઇ ગ્રીનફીલ્ડ એરપોર્ટ જેવા, અને વળી એટમિક પાવર પ્લાન્ટસ ૨૦૧૧ ના નોટીફીકેશન હેઠળ મુકિત માટે ચાલુ રહેશે.
- પીલર પર કે લાકડાના સ્તંભ પરના રસ્તાને મંજૂરીઃ  સી આર ઝેડ વિસ્તારોમા લાકડાના સ્તંભો, પીલરો પરના રસ્તાઓના બાંધકામ ની મંજૂરી છે જેમાં કાંઇ  સ્પષ્ટપણે અર્થ સ્પષ્ટતા નથી. આવી અસ્પષ્ટ જોગવાઇથી ગણનાપાત્ર દુરુપયોગી સંભાવના છે તથા તેના થકી એકસ્પ્રેસ વે તથા ફલાય ઓવર જેવા મોટા પ્રોજેકટો આ પર્યાવરણીય રીતે અતિ નાજુક એવા દરિયાકાંઠાના વિસ્તારો માં અમલમાં મુકવાની જોગાવઇઓ થઇ શકે છે. આવુ ચેન્નાઇ તથા મુંબઇમાં દેખાઇ જ રહ્યું છે.
- રાષ્ટ્રીય તથા રાજય સ્તરે સી ઝેડ એમ એ માં મત્સ્યકારી સમાજોનું કોઇ પ્રતિનિધિત્વ નહી : સી ઝેડ એમ એ માં રાષ્ટ્રીય તથા રાજય સ્તરે મત્સ્યકારી સમાજોના પ્રતિનિધિત્વની કોઇ જોગવાઇ નથી. મત્સ્યકારી સમાજોના સંગઠનોની બહુ લાંબા સમયની માંગ છે આવું  પ્રતિનિધિત્વ એના વગર, આપણા દરિયાકાંઠાના પ્રાકૃતિક સ્રોતોના કુદરતી રક્ષકો જે મોટી સંખ્યામાં છે, તેમનો દરિયાકાંઠાના વ્યવસ્થાપનમાંના હકપૂર્વકની ભૂમિકા ભજવવાનો વારો છીનવાઇ જાય છે.

  આ  નોટીફીકેશન માત્ર સ્થાનિક પારંપરિક સમાજોના પ્રતિનિધિત્વની, ખાસ કરીને માછીમારો માટે જ જોગાવઇ કરે છે. જે થકી નોટીફીકેશનના અમલ તથા નિયંત્રણમાં મદદરૂપ થવા ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની ચેરમેનશીપ હેઠળ ડિસ્ટ્રીકટ લેવલની સમિતિઓની જ જોગાવઇ છે.

- એન ડી ઝેડમાં બાંધકામ/પુનઃબાંધકામ માટેની જોગવાઇઓ સમસ્યારૂપ : સી આર ઝેડ -૩ માં એન ડી ઝેડ એરિયામાં ખાસ કરીને માછીમારો માતેના (૧૦૦ થી ૨૦૦મીટરમાં ) રહેઠાણના યુનિટનાં બાંધકામ/પુનઃબાંધકામ માટેની જોગવાઇઓ, અમુક ચોક્કસ પરિસ્થિતિઓમાં, સમસ્યારૂપ છે.પારંપરિક કાંઠા સ્થિત સમાજોને માટે આ જોગાવઇ લાગુ પાડવા નોટીફીકેશનમાં એવા છીડા છે જેનો દુરૂપયોગ થઇ શકે છે જેના થકી સી આર ઝેડ -૩ માં એન ડી ઝેડ વિસ્તારોમાં દરિયાકાંઠાના સ્રોતો પર દબાણ તથા બાંધકામની ઘટનામાં વધારો થઇ શકે છે.મત્સ્યકારી સમાજોના સંગઠનો એ આવી પરવાનગી માત્ર અપવાદરૂપ કિસ્સાઓમાં જ માંગેલ કે જયાં મત્સ્યકારી સમાજોનાં ગામડાંઓના વિસ્તાર માટે જગ્યા નથી- પોતાના વ્યવસાય વિશેષ અધિકારને કારણે દરિયાકાંઠે મત્સ્યકારી સમાજને રહેવું જરૂરી હોઈ આ માંગણી તેમણે કરેલ.
- સી વી સી એની સમસ્યાઓ : ક્રિટીકલી વલ્નરેબલ કોસ્ટલ એરિયા આપદા સંભવ દરિયાકાંઠાના ક્ષેત્રો ( સી વી સી એ ) ની દરખાસ્તથી ભય ઊભો થાય છે સ્થાનિક સમાજોની મર્યાદિત ભૂમિકાઓવાળા ઊર્ધ્વથી નિમ્નસ્તરના સંચાલનની વાત દોહરાવાય છે.મત્સ્યકારી સમાજો એ માંગેલ હેતુ, એના સ્થાને,સમાજ સંચાલિત કાંઠાસ્થિત રક્ષિત સ્થાન (સી એમ સી આર )
- મુંબઇમાં ઝૂંપડપટ્ટીઓનો પુનર્વિકાસ : મુંબઇ માટેનો ખાસ વ્યવસ્થા હેઠળ ઉચ્ચતર એફ એસ આઇ સાથે ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસની પરવાનગી આપેલ છે. અત્યંત સંવેદનશીલ એવા ક્ષેત્રો જેમાં મેનગ્રુપના વિસ્તારો પણ સમાવિષ્ટ છે તેમાં, ઝૂંપડપટ્ટીના પુનઃ સ્થાપનની પરવાનગી આપવાની વાત દરિયાઇ સ્તરમાં વધારાને કારણે જોખમરૂપ હોવા છતાં તેનો તર્ક પ્રશ્નરૂપ છે.ઉચ્ચતર એફ એસ આઇ નો હેતુ ઝૂંપડપટ્ટીના નિવાસીઓ માટે નથી પણ ખાનગી બિલ્ડરોને નફો કમાવવાનું સાધન છે જે થકી તેઓને બહારના લોકોને ઊંચી કિંમતે વધારાના એપાર્ટમેન્ટસ વેચવાની તક મળે. આવા પ્રાવધાનથી મુંબઇની દરિયાઇપટ્ટીની સમાંતરે બાંધકામોની ઉચ્ચતમ ઘનતાની પૂરેપૂરી સંભાવના છે.
- પ્રાદેશિક ઇ આઇ એ તૈયાર કરવા માટે કોઇ પ્રાવધાન નહી : નોટીફીકેશન ૨૦૧૧ માં એવું કોઇ પ્રાવધાન નથી જેના થકી પ્રાદેશિક ઇ આઇ એ (પર્યાવરણીય અસર પરીક્ષણ) ના ઉપયોગ માટે એક આધાર તરીકે વ્યકિતગત પ્રકલ્પોને પરવાનગી આપે.આવા કોઇ પ્રાવધાનથી એક વાત જરૂરી બની જાત જેના થકી વર્તમાન તથા સૂચિત પ્રકલ્પોની સમૂળગી પર્યાવરણીય અસરોને ધ્યાનમાં લઇ શકાત તથા વહન ક્ષમતાની મર્યાદાઓને પણ લક્ષમાં રાખી શકાત.
- સી ઝેડ એમ પી ના પુનરાવર્તિત પરીક્ષણની મંજૂરી : સદર નોટીફીકેશન ૨૦૧૧ દરિયાકાંઠાના ઝોન મેનેજમેન્ટ પ્લાન ( સી ઝેડ એમ પી ) પાંચ વર્ષ પછી (કે તેનાથી પણ ઓછા સમયમાં ) પુનરવલોકિત કરવાનું ઠરાવાયું છે.માછીમાર સમાજોના સંગઠનો એ માંગણી કરેલ કે સી ઝેડ એમ પી ને માત્ર ૧૦ વર્ષ પછી જ રીવાઇઝ કરવી જોઇએ કારણકે વારંવારના રીવીઝનથી કાંઠા વિસ્તારોને પુનઃ વર્ગીકૃત કરવાની તક મળી શકે છે. અને તેનાથી રેગ્યુલેટરી ફ્રેમ વર્ક નબળુ પડી શકે છે.
- પુનઃ ઝોન પાડવાની શકયતાઓ જારી રહે છેઃ એક સંકળાયેલી સમસ્યા એ છે કે સી આર ઝેડ -૩ ના વિસ્તારો (ખાસ કરીને ગ્રામીણ વિસ્તારો) સી આર ઝેડ -૨ ના વિસ્તારોમાં (બિલ્ટપ એરિયા તથા બાંધકામ તેમજ વિકાસ માટેના જયાં ઘણાં ઓછા નિયમનો છે) પુનઃ વર્ગીકરણ કરવા માટે સી ઝેડ એમ એ ને દરખાસ્તો મોકલવાથી શકય બને છે.નોટીફીકેશન ૧૯૯૧ ની સ્થિતિમાં સી આર ઝેડ -૩ માંથી સી આર ઝેડ -૨માં ઝોન પરિવર્તનની આવી ઘણી દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ જેને પરિણામે દરિયાકાંઠે બાંધકામની ઘનતામાં વધારો થતાં નોટીફીકેશનનો મૂળ હેતુ જ ગૌણ થઇ ગયો.આનાથી રાજય/કેન્દ્ર શાસિત પ્રદેશ તેમજ રાષ્ટ્રીય સ્તરે મત્સ્યકારી સમાજના પ્રતિનિધિત્વના મહત્ત્વની વાત પર ભાર મૂકે છે. તે તે સ્તરો પરના સી ઝેડ એમ એમાં આવી રી-ઝોનેશન (પુનઃઝોન પાડવાની દરખાસ્તોનું પરીક્ષણ કરાય છે.

## ૪. સી આર ઝેડ ૨૦૧૧માં એવા કયા પ્રાવધાનો છે જેના થકી મત્સ્યકારી સમાજોને ફાયદો થાય?

નોટીફીકેશન ૨૦૧૧ના કેટલાક પ્રાવધાનો મત્સ્યકારી સમાજો માટે શકયતઃ ઉપયોગી બની શકે છે અને મહત્વની વાત એ છેકે એ સમાજો આવા પ્રાવધાનોથી વાકેફ રહે.

- નિર્ણય પ્રક્રિયામાં મત્સ્યકારી સમાજોનું પ્રતિનિધિત્વ :

- જિલ્લાસ્તરે પ્રતિનિધિત્વઃ નોટીફીકેશન ૨૦૧૧માં સ્થાનિક પારંપરિક કાંઠા સ્થિત સમાજોના, ખાસ કરીને માછીમારોના,પ્રતિનિધિત્વના પ્રાવધાનો છે જે થકી જિલ્લાસ્તરની સમિતિઓ નોટીફીકેશનથી સ્થાપિત કરેલ હોય જિલ્લા મેજિસ્ટ્રેટની ચેરમેનશીપ હેઠળ હોય તથા નોટીફીકેશન ૨૦૧૧ના પેરા 6 (c) ના અમલ તથા નિયમનમાં મદદરૂપ થાય.નિયમન તથા અમલ એ રાજય કે કે.શા.પ્ર .સ્તરે સી ઝેડ એમ એની પ્રાથમિક જવાબદારી રહેશે.

➢ આયોજનમાં મત્સ્યકારી સમાજોની સહભાગિતાઃ

- સી ઝેડ એમ પી પ્રક્રિયામાં સહભાગિતાઃ નોટીફીકેશન ૨૦૧૧ જરૂરી માને છે કે સી ઝેડ એમ પી ની રચના, યોજના પુર્ણતઃ મંજૂરી પામે તે પહેલા, તેની તૈયારીના જુદા જુદા તબક્કે મંત્રણાત્મક પ્રક્રિયાઓ થકી થવી જોઇએ.સી ઝેડ એમ પી માટે એ આવશ્યક છે કે જોખમદારો પાસેથી ડ્રાફ્ટ બાબતે નિવેદનો મંગાવે અને આમેજ કર[.[પેરા 5 (ii),(vi),(vii),(viii) એનેકસર 1.પેરા IV] .આનાથી સી ઝેડ એમ પી ની રચનામાં મત્સ્યકારી સમાજોને પોતાનો અવાજ વ્યક્ત કરવાની તક મળે છે.સી ઝેડ એમ પી પાસે એ પણ અપેક્ષિત છે કે તેઓ મત્સ્યગ્રામો તથા તેમની સામાન્ય જંગમ મિલ્કતો (જેટી, માછલાં સૂકવવાની જગ્યા, મત્સ્યકારી તથા સ્થાનિક સમાજોની અન્ય સુવિધાઓ) નો પણ નક્શો બનાવવો જોઇએ. આ સવલતો તેમના જીવનનિર્વાહ તેમજ અન્ય જરૂરિયાતો માટેની હોવી જોઇએ. [એનેકસર 1.પેરા II,7] મત્સ્યકારી સમાજો માટે આ એક એવી તક છેકે જેના થકી સી ઝેડ એમ પી વાસ્તવદર્શી જમીનના ઉપયોગની પેટર્ન પ્રતિબિંબિત કરે છે તેની ખાત્રી મળે.સી ઝેડ એમ પી ના ઉપયોગ થકી તેમના હિતોની જાળવણી થઇ શકે છે-એવા સંજોગોમાં જયારે મત્સ્યકારી સમાજો પાસેથી જગ્યા ખાલી કરાવીને તેમને હટાવવા બીજા સેકટરો પ્રયત્ન કરી રહયા હોય.
- મત્સ્યગ્રામો માટેર્નુ આયોજન : સી ઝેડ એમ પી તૈયાર કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓમાં એનેકસર 1 માં નિર્દિષ્ટ કરેલ છે કે રાજય સરકારોએ દરિયાકાંઠા પરના મત્સ્યકારી સમાજો માટેની લાંબા સમયની રહેઠાણની જરૂરિયાતો માટેની વિગતવાર યોજનાઓ તૈયાર કરવી જેમાં વિસ્તરણ તથા અન્ય જરૂરિયાતોની નોંધ લીધેલ હોય તેમજ આપત્તિ વ્યવસ્થાપન સલામતી સ્વચ્છતા પ્રબંધ સહિતની પાયાની સેવાઓના પ્રાવધાન હોય. મત્સ્યકારી સમાજો તેમની સાથે સંકળાયેલ રાજય/કેન્દ્ર શાસિત સરકારોની સાથે મળી ને કામ કરવાની જરૂર છે જેના થકી આ પ્રાવધાન અમલમાં મૂકી શકવાની ખાતરી મળે તથા રહેઠાણના સુધારા તેમજ ગ્રામવિકાસના આયોજનમાં સહાયતા મળે.

➢ મત્સ્યકારી સમાજની રહેઠાણની તથા તેને સંલગ્ન સુવિધાઓ :

- રહેઠાણના એકમોનું સુવ્યવસ્થાપન : સી આર ઝેડ ના નોટીફીકેશન ૧૯૯૧માં મત્સ્યકારી સમાજોના જે જે રહેઠાણના એકમો અનુમતિ-યોગ્ય હતા, પણ હજુ પણ જેમને ઔપચારિક સ્વીકૃતિ મળેલ નથી, તેમને નીચેની શરતોને આધીન રેગ્યુલરાઇઝ કરવામાં આવશેઃ(૧) તેમનો ઉપયોગ કોઇ વાણિજિયક પ્રવૃતિઓ માટે થતો હોય,તથા (૨) બિન-પારંપરિક દરિયાકાંઠાના સમાજને તેનું વેચાણ કે નામફેર થયેલ ન હોય.[પેરા 6(d)]. રેગ્યુલરાઇઝેશનનું આ પ્રાવધાન મત્સ્યકારી સમાજો માટે ફાયદારૂપ થઇ શકે છે.
- રહેણાંક એકમોનું રીકન્સ્ટ્રકશન/રીપેરીગ : સ્થાનીય સમાજ ખાસ કરીને માછીમારો, નાં રહેણાંક એકમોનું પુનઃબાંધકામ, કે રીપેરીગ કામ સ્થાનિક ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ રેગ્યુલેશન અનુસાર, સી આર ઝેડના ક્ષેત્રમાં અનુમતિ યોગ્ય બનાવવામાં આવેલ છે.[પેરા 3(e)].
- સી આર ઝેડ -૩ માં ૨૦૦મી થી ૫૦૦મી ની મર્યાદામાં રહેણાક એકમોનું બાંધકામ/પુનઃબાંધકામ : નોટીફીકેશન ૧૯૯૧માં જેમ હતુ તેમ, ૨૦૦મી થી ૫૦૦મી ના ક્ષેત્રમાં રહેણાક એકમોનું બાંધકામ/પુનઃબાંધકામ, જો તે પારંપરિક હકો તથા રૂઢિગત ઉપયોગો ના પરિઘમાં હોય તો, તેની પરવાનગી આપવામાં આવેલ છે. બાંધકામની પરમિશન સ્થાનિક ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ રૂલ પ્રમાણે રહેશે જેમાં બાંધકામની કુલ ઊંચાઇ (ગ્રાઉન્ડ વત્તા પહેલો માળ) ૯મી. કરતાં વધવી ન જોઇએ.[પેરા 8,III (સી આર ઝેડ -૩ ),B(Vii) ] આમ છતાં . આવાં બાંધકામ/પુનઃબાંધકામના બીજાં ધોરણોમાં થોડી છૂટછાટ અપાયેલ છે. સદર નોટીફીકેશન ૨૦૧૧માં એવી કોઇ શરતનું નિયંત્રણ નથી કે હયાત રહેણાક એકમોની સંખ્યા કરતા બમણી કરતાં વધારે કુલ એકમોની સંખ્યા હશે તો જ પરવાનગી આપવામાં આવશે. એમાં એવું પણ નહી હોય કે પ્લોટ સાઝઇ થી ૩૩% થી બધા માળનો કવર્ડ એરિયા વધવો ન જોઇએ.
- સી આર ઝેડ -૩ માં એન ડી ઝેડ ને મુકિત : પારંપરિક દરિયાકાંઠાના સમાજો ખાસ કરીને માછીમારોના રહેણાક એકમોના બાંધકામ/પુનઃબાંધકામ માટે,૧૦૦મી તથા ૨૦૦મી. ની વચ્ચે, એન ડી ઝેડ માં મુકિતના

પ્રાવધાનની પ્રસ્તુતિ કરાઇ છે. એક એવા વ્યાપક પ્લાન પર તે આધારિત હોય એ જરૂરી છે જે રાજ્ય સરકાર/કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા અનુમતિ પ્રાપ્ત કરાયેલ હોય, પારંપરિક દરિયાકાંઠાના સમાજો ખાસ કરીને માછીમારો સાથે પરામર્શન કરેલ હોય,તથા જેમાં આપત્તિ વ્યવસ્થાપન તેમજ સ્વાસ્થય સુવિધાના જરૂરી પ્રાવધાનોનો સમાવેશ થયેલ હોય [પેરા 8,III (સી આર ઝેડ -૩),A(ii)]. આમ છતાં આગળ જણાવ્યા મુજબ ચેતવણીના એક સૂર પણ જરૂર છે કારણકેએન ડી ઝેડમાં આપેલ મુકિત ૧૦૦મી તથા ૨૦૦મી.ના ઝોનમાં બિન જરૂરી બાંધકામ કરવા માટેની છટકબારી પૂરી પાડી શકે છે.

- એન ડી ઝેડમાં સવલતો : સી આર ઝેડ -૩ માં એન ડી ઝેડ ૨૦૧૧ના નોટીફીકેશનમાં સ્થાનીય મત્સ્યકારી સમાજો માટે જરૂરી સવલતો ને લોકેટ કરવાની પરવાનગી આપે છે જેમકે માછલાં સૂકવવાનાં યાર્ડ ,ઓકશન હોલ ,નેટ તૈયાર કરવાનાં યાર્ડ ,પારંપરિક બોટ બનાવવાનાં યાર્ડ, આઇસ પ્લાનટ, આઇસ ક્રશ કરવાના એકમો, માછલાં સાચવણી સવલતો તથા તેવી અન્ય [પેરા 8,III (સી આર ઝેડ -૩),A(ii)(i)].

  દવાખાનાં, સ્કૂલો,પબ્લિક રેઇન શેલ્ટર, જાહેર શૌચાલયો,પુલો,રસ્તા,પાણીની સગવડ,ગટરવ્યવસ્થા, સ્મશાનગૃહો, ઇલેકટ્રીક સબસ્ટેશન ની જયાં જયાં સ્થાનિક રહેવાસીઓને જરૂર હોય ત્યાં ત્યાં જરૂરિયાત મુજબ સી ઝેડ એમ એ દ્વારા પરવાનગી આપી શકાય છે.[પેરા 8,III (સી આર ઝેડ -૩),A(ii)(j)].

- મુંબઇના કોલીવાડામાટેનું ખાસ પ્રાવધાન:બૃહન્મુંબઇને ખાસ સંજોગોમાં આપેલ પ્રાવધાન અનુસાર, એવું સ્પષ્ટ કરવામાંઆવેલ છે કે કોલીવાડા (માછીમારોના ગામડાં) નું માપન કરીને તેમને સી આર ઝેડ -૩ તરીકે જાહેર કરવામાં આવશે. તદુપરાંત, પુન:બાંધકામ, કે રીપેરીગ આ સમાજોના રહેણાક એકમો માટે પ્રાથમિકતાના ધોરણે પુરસ્કૃત કરવામાં આવશે. આ પ્રાવધાનો મુંબઇના મત્સ્યકારી સમાજો માટે તેમની પારપરિક ભૂમિકા સાથેના પોતાના હકોની જાળવણીમાં ઊપયોગી થઇ શકે છે. વિકાસ યોજનાઓ તૈયાર કરવામાં જરૂરી પ્રાવધાન સાથે તેનું જોડાણ થાય તો આનાથી કોલીવાડાઓનાં પોતાના વિસ્તારનો વિકાસ કરવાની એક સારી તક,સ્લમ ડેવલપમેન્ટના નિયમોના દાયરાની બહાર રહીને, પૂરી પાડશે.

- માહિતીની સુલભતા: સી ઝેડ એમ પી સંબંધિત સઘળી માહિતી, કલીયરન્સ, અનુમતિના રિપોર્ટ, નિયમભંગ, વિરુધ્ધના લેવાયેલા પગલાં તથા સી આર ઝેડ સંબંધિત કોર્ટ ઓર્ડર ૨૦૧૧ના નોટીફીકેશન થકી જાહેર કરવાનું ફરજિયાત કરવામાં આવે છે.સી આર ઝેડ સંબંધિત કાઇપણ માહિતી સંલગ્ન સી ઝેડ એમ એ ને પત્ર લખવાથી મેળવી શકાય છે. દરેક રાજય/કેન્દ્ર શાસિત પ્રદેશ સી ઝેડ એમ એ દ્વારા એક સમર્પિત વેબસાઇટનું નિર્માણ થાય જેમાં ઉપર્યુકત સિવાયની મીટીગના એજન્ડાની માહિતી લાવાયેલા નિર્ણયો તથા અપાયેલા કિલયરન્સ, મૂકવામાં આવે. મહત્વની વાત એ છે કે રાજય/કેન્દ્ર શાસિત પ્રદેશની વેબસાઇટો માહિતીનો પ્રવાહ જાળવી રાખે અને આવી માહિતી ખરેખર પૂરી પાડીને ઉપયોગ માટે સુપ્રાપ્ય બનાવે.[પેરા 4.2 (vi)].
- પ્રદૂષણ અટકાવવું તથા દરિયાકાંઠાના જળ વિસ્તારો તેમજ પર્યાવરણની વ્યવસ્થાનો મૂલ્યહ્રાસ થતો અટકાવવો: સી આર ઝેડ -૪માં સમાવિષ્ટ છે એવાં જળ જે ૧૨માઇલની પ્રાદેશિક સરહદમાં હોય તેમજ ભરતીની અસર હેઠળના જળક્ષેત્રો.થી આ ક્ષેત્રમાં પર્યાવરણીય વ્યવસ્થાને હાનિકારક હોય એવી પ્રવૃતિઓ પર નિયમન લાદે છે.દાખલા તરીકે ટ્રીટમેન્ટ વગર કરેલો ગટરના પાણીનો નિકાલ,મલિન પાણી બેલાસ્ટ જળ, વહાણ ધોવાથી નીકળતા પાણી રાખ જેવો ઘન કચરો પછી ભલે એ એકવાકલ્ચર ઓપરેશન નો હોય, બધા પર પ્રતિબંધ લાદવામાં આવે છે. તેલ તથા ગેસના સંશોધન, ડ્રીલીગ, કે માઇલીગથી થતું પ્રદૂષણ સી આર ઝેડ -૪માં બોટહાઉસ, તથા શિપિંગ વગેરેનું નિયમન કરવાનું છે.[પેરા 8,IV(a) અને (b)].

  બધાં જ દરિયાકાંઠાના રાજયોએ ખાસ એ પ્રબંધન કરવાની જરૂર છે જે થકી ઉધોગો, શહેરો, નગર તથા અન્ય માનવીય વસાહતોમાંથી નીકળેલો ટ્રીટમેન્ટ નહી પામેલો કચરો કેમલિન પાણીના નિકાલ ની વર્તમાન પધ્ધતિને સદર નોટીફીકેશન જાહેર થયાની તારીખથી (એટલેકે ૬ જાન્યુઆરી ૨૦૧૧) બે વર્ષથી વધુ નહી ના ગાળામાં ક્રમિક રીતે બંધ કરે. વધુમાં,એવું પણ જરૂરી છે કે ઘન કચરાના ઢગલા (બાંધકામનો ભંગાર,ફલાયએશ,વગેરે) નો સદર નોટીફીકેશનના પ્રસિધ્ધ થયાના એક વર્ષમાં નિકાલ કરી દે.

  પ્રદૂષણ તથા દરિયાકાંઠાના જળ તેમજ પર્યાવરણીય વ્યવસ્થાનો મૂલ્યહ્રાસ એ માછીમાર સમાજો માટે એક મુખ્ય ચિંતાનો વિષય હોવાથી આ પ્રાવધાન ઊપયોગી થઇ શકે છે, જો તેનો અમલ થાય તો.મત્સ્યકારી

સમાજોએ આવા પ્રદૂષણ તથા ઢગ-ખડકલા ના નિયમન બાબતે બધાનું ધ્યાન દોરવા એક ભૂમિકા ભજવવી જ પડશે.

## ૫. મત્સ્યકારી સમાજો નિયમભંગના નિયંત્રણમાં કેવી ભૂમિકા ભજવી શકે?

મત્સ્યકારી સમાજો સમગ્ર ભારતના દરિયાકાંઠે વિસ્તરેલા છે.દરિયાકાંઠાના જળ તેમજ દરિયાકાંઠે થતી પ્રવૃતિઓની જાણ માટે તે લોકો ઉત્તમ સ્થિતિમાં છે. સદર સી આર ઝેડ નોટીફીકેશન ૨૦૧૧ એમના હિત ખાતર પણ અસરકારક રીતે અમલમાં આવે તે ખૂબ જરૂરીછે.દરિયાકાંઠાની પર્યાવરણીય વ્યવસ્થાની જાળવણી માટે પણ જરૂરી છે.નોટીફીકેશન ૧૯૯૧ના નબળા અમલીકરણથી અનિયંત્રિત ગેરકાયદેસર વિકાસની દરિયાકાંઠે જે ભરમાર થઇ છે તે સુવિદિત છે. તેની અસર મત્સ્યકારી સમાજોના જીવન તથા જીવનનિર્વાહ પર પડેલ. ફરી આવું બનતું અટકાવવા તે સમાજોએ ફરીથી હંમેશ માટે જાગૃત રહેવું પડશે.
અતિ મહત્વની વાત એ છેકે આ સમાજો સદર નોટીફીકેશન ૨૦૧૧ના ચાવીરૂપ પ્રાવધાનોથી વાકેફ થાય. સી ઝેડ એમ માંથી દરિયાકાંઠાના ઝોન મેનેજમેન્ટ પ્લાનો ( સી ઝેડ એમ પી ) ની માહિતી એમણે મેળવવી જોઇએ. આ સંદર્ભમાં એ વાત સમજી લેવાની છે કે સદર નોટીફીકેશન હેઠળ નવા સી ઝેડ એમ પી ની પરવાનગી મળે ત્યાં સુધી સી આર ઝેડ નોટીફીકેશન ૧૯૯૧ હેઠળ તૈયાર થયેલ સી ઝેડ એમ પીને અનુસરવામાં આવશે.

- ➢ સી આર ઝેડ I,IIતથા III (દરિયાકાંઠાની ભૂમિ ) ના ક્ષેત્રોમાં નિયમભંગ :
  આ સમાજોને જરૂર છે જાગૃત રહેવાની સી આર ઝેડ ની મર્યાદામાં બાંધકામ પ્રવૃતિઓ તથા મોટા પ્રોજેકટોના અમલ બાબતે સદર હુકમનામાની વિરુધ્ધની કોઇ પણ પ્રવૃતિની શંકા જતાં ઘણાં પગલા લઇ શકાય જેવાં કે
- પ્રકલ્પ વિશે શકયતઃ વધુમાં વધુ માં વધુ માહિતી મેળવવી જેમાં સરકારી વિભાગ / એજન્સી , કંપનીનું કે વ્યકિતનું નામ, તેનું ચોકકસ સ્થાન (સર્વે નંબરો ?) સહિતની બાબતો સમાયેલી હોય.
- સી ઝેડ એમ એ દ્વારા પ્રસ્તુત પ્રોજેકટને પરવાનગી અપાયેલ છે કે નહી તેની ખાતરી કરવી. સદર નોટીફીકેશન હેઠળ બધા જ પ્રોજેકટોના કલીયરન્સ રાજય/કેન્દ્ર શાસિત પ્રદેશ સી ઝેડ એમ એ વેબસાઇટ પર મુકાય તે જરૂરી છે. જો આવી કોઇ પરવાનગી મુકાયેલ ન હોય, તો જે તે સી ઝેડ એમ એ નો તત્કાલ સંપર્ક કરવો,સ્પષ્ટીકરણ માંગવું તથા તેની માહિતી ઓનલાઇન મૂકવા માટે વિનંતી કરવી.
- જો પરવાનગી અપાયેલ ન હોય તો બીજા શબ્દોમાં કહીએ તો પ્રોજેકટ ગેરકાયદેસર હોયતોરાજય/કેન્દ્ર શાસિત પ્રદેશની સી ઝેડ એમ એ ને તત્કાલ ફરિયાદ મોકલો તેમજ પર્યાવરણ તથા જંગલ ખાતાને પણ જાણ કરો જેની કોપી એન એફ એફના જનરલ સેક્રેટરીને પહોંચાડો
- જો એવી કોઇ શંકા હોય તો સી આર ઝેડના જાહેરનામાના પ્રાવધાનોની પર જઇને નિયમભંગથી પરવાનગી અપાયેલ છે તથા પ્રોજેકટની દરિયાકાંઠાની ઇકોસીસ્ટમ પર પ્રભાવકારી અસર કરશે એવું લાગે તો તમારા કેસને મદદરૂપ થાય તેટલી શકયતમ માહિતી એકત્રિત કરવા પ્રયત્ન કરો. કયા પ્રકારની પ્રવૃતિ ચાલી રહી છે, વર્તમાન/ભાવિ અસરો,નિયમભંગના ફોટોગ્રાફસ, ગૂગલ અથવા ઉપયોગથી તેના લોકેશન નો મેપ વધુને વધુ માહિતી નિયમભંગના પ્રકારને પ્રદર્શિત કરવા તમને સક્ષમ બનાવે તેવી માહિતી એકત્રિત કરો .
- બધી ફરિયાદો રાજય/કેન્દ્ર શાસિત પ્રદેશ સી ઝેડ એમ એ ને તથા પર્યાવરણ તથા જંગલ ખાતાને તેમજ તેની કોપી એન એફ એફના જનરલ સેક્રેટરીને મોકલવી. જરૂરી સરનામાની યાદી એપેન્ડિકસમાં આપેલ છે.
- મળવી મુશ્કેલ હોય એવી માહિતી, માહિતી અધિકારના કાયદા હેઠળ મેળવી શકાય છે. સંલગ્ન સી ઝેડ એમ એ, ગ્રામપંચાયત, મ્યુનિસિપાલિટી તથા એમ ઓ ઇ એફ પાસેથી માહિતી મેળવી શકાય.
- ➢ સી આર ઝેડ IV ના ક્ષેત્રમાં નિયમભંગ (પ્રાદેશિક જળ તથા ભરતીની અસર હેઠળના જળક્ષેત્રો) : દરિયા કાંઠાના જળ પરના ઢગ-ખડકલા તથા તેમના પ્રદૂષણ બાબતે આ સમાજોને જાગૃત કરવા જાઇએ. સવા બધા કિસ્સા (શકય તેટલી વધુ માહિતી ખાસ કરીને ફોટોગ્રાફ, વાહન નંબર અથવા તો વહાણ/શીપના નામ,ચોકકસ સ્થાન,વગેરે) ને રાજય/કેન્દ્ર શાસિત પ્રદેશ સી ઝેડ એમ એ ને તથા પર્યાવરણ અને જંગલ ખાતાના ધ્યાન પર લાવવી જોઇએ અને જરૂરી પગલાંની માંગ કરવી જોઇએ.

એપેન્ડિકસ

મહત્વની વેબસાઇટો અને સરનામાં

**<u>વેબસાઇટો</u>**

સરકારી એજન્સીઓ :

રાષ્ટ્રીય સ્તરે : પર્યાવરણ અને જંગલ મંત્રાલય
National Level: Minestry of Environment and Forests

www.moef.nic.in
http://envfor.nic.in/legis/crz.htm
http://moef.nic.in/modules/others/?f=press-releases
http://moef.nic.in/modules/public-information/orders-guidelines/

રાજય સ્તરે :

ગુજરાતઃ http://gujenvfor.gswan.gov.in/e-citizen/e-citizenclearances.htm
દમણ અને દીવઃ www.daman.nic.in
મહારાષ્ટ્રાઃ http://mczma.maharashtra.gov.in/
http://envis.maharashtra.gov.in/
http://envis.maharashtra.gov.in/envis_data/?q=mczma_s
કર્ણાટકઃ http://parisara.kar.nic.in/
કેરાલાઃ http://www.kerenvis.nic.in/kczma/
તામિલનાડુઃ http://www.tenvis.nic.in/crz_noti_coastal.htm
પોંડિચેરીઃ http://dste.puducherry.gov.in/pczmahome.htm
પશ્ચિમ બંગાળ : http://wbsczma.gov.in/
http://enviswb.gov.in/

## સરનામાં

પર્યાવરણ અને જંગલ મંત્રાલય મુખ્ય કાર્યાલય અને પ્રાદેશિક કચેરીઓ

<u>દક્ષિણ ઝોન, બેંગલોર</u>
શ્રી કે.એસ.રેડ્ડી
ચીફ કોન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટસ (સેન્ટ્રલ) કેન્દ્રીય સદન, ૪ થો માળ, ઇ એન્ડ એફ વીગ, ૨ બ્લોક કોરમંડલ, બેંગલોર.
ટે.નં.૦૮૦-૨૫૫૩૭૧૮૪ ફેકસ નં.૦૮૦-૨૫૫૩૭૧૮૪

<u>પૂર્વ ઝોન, ભુવનેશ્વર</u>
શ્રી જે.કે.તિવારી
ચીફ કોન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટસ (સેન્ટ્રલ) એ/૩, ચંદ્રશેખરપુર, ભુવનેશ્વર-૭૫૧૨૦૩
ટે.નં.૦૬૭૪-૨૩૦૧૨૧૩ ફેકસ નં.૨૩૦૨૪૩૨

<u>પશ્ચિમ ઝોન, ભોપાલ</u>
શ્રી એ.કે.રાણા
ચીફ કોન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટસ (સેન્ટ્રલ) કેન્દ્રીય પર્યાવરણ ભવન, લીક રોડ નં.૩, ભોપાલ-૪૬૨૦૧૬
ટે.નં.૦૭૫૫-૨૪૬૫૪૯૪

નૅશનલ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી : ચેરમેન, નૅશનલ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી, પર્યાવરણ અને જંગલ મંત્રાલય, ભારત સરકાર, પર્યાવરણ ભવન. સીજીઓ કોમ્પલેક્ષ, લોઢી રોડ, નવી દિલ્હી - ૧૧૦૦૦૩

**સ્ટેટ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટીઝ**

ગુજરાત : ધ ચૅરમેન, ગુજરાત સ્ટેટ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી એન્ડ પ્રિન્સીપલ સેક્રેટરી, ફોરેસ્ટસ એન્ડ એન્વાયર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ, બ્લોક નં. ૧૪, ૮મો માળ, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત.

મેમ્બર સેક્રેટરી, ગુજરાત કોસ્ટલ ઝોન મૅન્જમેન્ટ ઓથોરિટી એન્ડ ડાયરેક્ટર, ફોરેસ્ટસ એન્ડ એન્વાયર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ, બ્લોક નં.૧૪, ૮મો માળ, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

દમન અને દીવ : ચૅરમેન, દમન અને દીવ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી અને એડમિનિસ્ટ્રેટર, દમન અને દીવ, દમન.

ધ ડેપ્યુટી કોન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટસ, ઓફિસ ઓફ ધ ડેપ્યુટી કોન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટસ, એડમિનિસ્ટ્રેશન ઓફ દમન અને દીવ, દમન - ૩૯૬૨૧૦

મહારાષ્ટ્ર : ધ ચૅરમેન, મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી, એન્વાયર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ, ૧૫મો માળ, ન્યુ એડમિનિસ્ટ્રેટીવ બિલ્ડીંગ ઓપોઝિટ મંત્રાલય, મૅડમ કામા રોડ, મુંબઈ-૪૦૦૦૨૦

મેમ્બર સેક્રટરી, મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી, એન્વાયર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ, ડેપ્યુટી સેક્રેટરી, ૧૫મો માળ, ન્યુ એડમિનિસ્ટ્રેટીવ બિલ્ડીંગ ઓપોઝિટ મંત્રાલય, મૅડમ કામા રોડ, મુંબઈ-૪૦૦૦૨૦

ગોવા : ચૅરમેન, ગોવા સ્ટેટ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી એન્ડ ચીફ સેક્રેટરી, પંજીમ, ગોવા.

ધ મેમ્બર સેક્રેટરી, ગોવા કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી, ગોવા સરકાર, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ, ટેકનોલોજી એન્ડ એન્વાયર્નમેન્ટ, સાલીગાઓ સેમિનરીની સામે, સાલીગાઓ, ગોવા - ૪૦૩૫૧૧

કર્ણાટક : ધ ચૅરમેન, કર્ણાટક સ્ટેટ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી એન્ડ પ્રિન્સીપલ સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેસ્ટ, ઈકોલોજી એન્ડ એન્વાયર્નમેન્ટ, કર્ણાટક સરકાર, મલ્ટીસ્ટોરીડ બિલ્ડીંગ, કે જી રોડ, બેંગલોર - ૫૬૦૦૦૧

મેમ્બર સેક્રેટરી, કર્ણાટક કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી એન્ડ ડાયરેક્ટર, એન્વાયર્નમેન્ટ ટેકનીકલ કોલ, ડિપાર્ટમેન્ટ ઓફ ફોરેસ્ટ, ઈકોલોજી એન્ડ એન્વાયર્નમેન્ટ, કર્ણાટક સરકાર, મલ્ટીસ્ટોરીડ બિલ્ડીંગ, કે જી રોડ, બેંગલોર-૫૬૦૦૦૧

કેરાલા : ધ ચૅરમેન, કેરાલા સ્ટેટ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી, શાસ્ત્ર ભવન, પટ્ટોમ, થિરુવનંતપુરમ-૪.

મેમ્બર સેક્રેટરી, કેરાલા સ્ટેટ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી એન્ડ ધ ડાયરેક્ટર, સાયન્સ, ટેકનોલોજી અને એન્વાયર્નમેન્ટ કાઉન્સીલ, શાસ્ત્ર ભવન, પટ્ટોમ, થિરુવનંતપુરમ-૪.

| | | |
|---|---|---|
| લક્ષદ્વીપ | : | ચૅરમેન, લક્ષદ્વીપ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી અને એડમિનિસ્ટ્રેટર, એડમિનિસ્ટ્રેશન ઓફ યુ ટી ઓફ લક્ષદ્વીપ, કાવારાત્તી-૬૮૨૫૫૫ |
| | | ધ મેમ્બર સેક્રેટરી, પોલ્યુશન કંટ્રોલ બોર્ડ એન્ડ લક્ષદ્વીપ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી, એડમિનિસ્ટ્રેશન ઓફ યુ ટી ઓફ લક્ષદ્વીપ, કાવારાત્તી-૬૮૨૫૫૫ |
| તમિલનાડુ | : | ધ ચૅરમેન, તમિલનાડુ સ્ટેટ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી એન્ડ પ્રિન્સીપલ સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઓફ એન્વાયર્નમેન્ટ ફોરેસ્ટસ, પહેલો માળ, પનગલ બિલ્ડીંગ, સાઈદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫ તમિલનાડુ. |
| | | મેમ્બર સેક્રેટરી, તમિલનાડુ સ્ટેટ કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી એન્ડ ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ એન્વાયર્નમેન્ટ, તમિલનાડુ સરકાર, ગ્રાઉન્ડ ફ્લોર, પનગલ બિલ્ડીંગ, સાઈદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫ તમિલનાડુ. |
| પૉંડિચેરી | : | ચૅરમેન, પૉંડિચેરી કૉસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી અને પ્રિન્સીપલ સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ, ટૅકનોલોજી અને એન્વાયર્નમેન્ટ અને હાઉસીંગ બોર્ડ, પૉંડિચેરી - ૬૦૫૦૦૧ |
| | | મેમ્બર સેક્રેટરી, પૉંડિચેરી કૉસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી અને ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ, ટૅકનોલોજી અને એન્વાયર્નમેન્ટ અને હાઉસીંગ બોર્ડ, પૉંડિચેરી - ૬૦૫૦૦૧ |
| અંદામાન અને નિકોબાર ટાપુ | : | ચૅરમેન, અંદામાન અને નિકોબાર કૉસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી, પ્રિન્સીપલ કન્ઝર્વેટર ઑફ ફૉરેસ્ટ, અંદામાન અને નિકોબાર ટાપુ એડમિનિસ્ટ્રેટન, ચથામ, પોર્ટ બ્લેર - ૭૪૪૧૦૨ |
| | | ધ કન્ઝર્વેટર ઑફ ફૉરેસ્ટ એન મેમેબર સેક્રેટરી, અંદામાન અને નિકોબર કૉસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી, અંદામાન અને નિકોબાર ટાપુ એડમિનિસ્ટ્રેટન, ચથામ, પોર્ટ બ્લેર-૭૪૪૧૦૨ |
| આંધ્ર પ્રદેશ | : | ચૅરમેન, આંધ્ર પ્રદેશ સ્ટેટ કૉસ્ટલ ઝૉન મૅનેજમેન્ટ ઓથોરિટી અને એડિશનલ ચીફ સેક્રેટરી,આંધ્ર પ્રદેશ સરકાર, એન્વાયર્નમેન્ટ, ફોરેસ્ટ, સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ, સેક્રેટ્રીએટ, હૈદ્રાબાદ-૫૦૦૦૨૨ |
| | | મેમ્બર સેક્રેટરી, આંધ્ર પ્રદેશ સ્ટેટ કૉસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી, આંધ્ર પ્રદેશ સરકાર, એન્વાયર્નમેન્ટ, ફોરેસ્ટ, સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ, સેક્રેટ્રીએટ, હૈદ્રાબાદ-૫૦૦૦૨૨ |
| ઓરિસ્સા | : | ચૅરમેન, ઓરિસ્સા સ્ટેટ કૉસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી અને પ્રિન્સીપલ સેક્રેટરી, સાયન્સ, ટેકનોલોજી અને એન્વાયર્નમેન્ટ એન ફોરેસ્ટ વીંગ, ઓરિસ્સા સેક્રેટ્રીએટ, ભુવનેશ્વર-૭૫૧૦૦૧ |
| | | ધ મેમ્બર સેક્રેટરી, ઓરિસ્સા સ્ટેટ કૉસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી અને ડાયરેક્ટર, સાયન્સ, ટેકનોલોજી અને એન્વાયર્નમેન્ટ એન ફોરેસ્ટ વીંગ, ઓરિસ્સા સેક્રેટ્રીએટ, ભુવનેશ્વર-૭૫૧૦૦૧ |
| વેસ્ટ બંગાલ | : | ચૅરમેન, ધ સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઓફ એન્વાયર્નમેન્ટ, વેસ્ટ બંગાલ સરકાર, રાઈટર્સ બિલ્ડીંગ, જી બ્લોક, સેકન્ડ ફ્લોર, કોલકાતા-૭૦૦ ૦૦૧ |
| | | મેમ્બર સેક્રેટરી, વેસ્ટ બંગાલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને મેમ્બર સેક્રેટરી, વેસ્ટ બંગાલ કૉસ્ટલ ઝોન મૅનેજમેન્ટ ઓથોરિટી, વેસ્ટ બંગાલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, પરિવેશ ભવન, ૧૦ અ, બ્લોક-એલ એ, સેક્ટર ૩, સોલ્ટ લેક સિટી, કોલકાતા - ૭૦૦૦૯૮ |

નેશનલ ફીશવર્કર્સ ફોરમ (એન એફ એફ)ના સંપર્ક અધિકારીનું સરનામું:
શ્રી પ્રદીપ ચેટર્જી
૨૦/૪, સિલ લેઇન, કોલકતા, પશ્ચિમ બંગાળ,
ભારત.
Email:pradipdisha@gmail.com

www.coastalcampaign.page.tl


GUJARAT
RUNN OF KACHCHH
Banas Kantha
Patan
Mahesana
Sabar Kantha
Kachchh
Gandhinagar
Ahmada-bad
Panch Mahals
Kheda
Dohad
Surendra-nagar
Anand
Rajkot
Jamnagar
Vadodara
Bharuch
Narmada
Porbandar
Bhav-nagar
Junagadh
Amreli
Surat
Navsari
The Dangs
Valsad